# Telephone Conversation between PM and President of the Republic of South Africa

April 17, 2020

## વડાપ્રધાન અને દક્ષિણ આફ્રિકા ગણરાજ્યનાં રાષ્ટ્રપતિ વચ્ચે ટેલીફોન પર વાતચીત

એપ્રિલ 17, 2020

આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ દક્ષિણ આફ્રિકા ગણરાજ્યનાં રાષ્ટ્રપતિ મહામહિમ સાયરિલ રામાફોસા સાથે ટેલીફોન પર વાતચીત કરી હતી.

બન્ને નેતાઓએ કોવિડ-19 મહામારીને કારણે ઉભા થયેલા સ્થાનિક, પ્રાંતિય અને વૈશ્વિક પડકારો વિશે દ્રષ્ટિકોણોનું આદાન-પ્રદાન કર્યું હતું. તેઓનાં લોકોનાં આરોગ્યનું રક્ષણ કરવા તથા આર્થિક અસરો ન્યૂનત્તમ કરવા માટે તેઓની સંબંધિત સરકારો દ્વારા લેવામાં આવી રહેલા પગલાઓની ચર્ચા કરી હતી.

વડાપ્રધાને ખાતરી આપી હતી કે આ પડકારજનક સમય દરમિયાન મહત્વની દવાઓનાં પૂરવઠાને સુનિશ્ચિત કરવા માટે ભારત દક્ષિણ આફ્રિકાને તમામ સંભવિત સહાયતા પ્રદાન કરશે.

મહામારીનાં ખંડ-વ્યાપી પ્રતિભાવનાં સંકલન માટે, આફ્રિકન યુનિયનનાં અધ્યક્ષ તરીકે પોતાની ક્ષમતામાં રાષ્ટ્રપતિ રામાફોસા દ્વારા ભજવવામાં આવી રહેલી સક્રિય ભૂમિકાનાં વડાપ્રધાને વખાણ કર્યા હતા.

ભારત અને આફ્રિકા વચ્ચે સદીઓ જુના મૈત્રી અને લોકોનાં પારસ્પરિક આદાન-પ્રદાનોને યાદ કરતા, વડાપ્રધાને વાઈરસ સામે લડવા સંયુક્ત આફ્રિકન પ્રયાસ માટે ભારત તરફથી સંપૂર્ણ સહયોગ પાઠવ્યો હતો.

**નવી દિલ્હી**
**એપ્રિલ 17, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.